प्रश्न : 1 નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો. (૧૫ ગુણ)

૧.૧ વૈશ્વિક પરિવર્તનોમાં ભારતની ભૂમિકા

૧.૨ મનુષ્યજીવનમાં અસંતુલિત સ્થિતિ – શહેરીજીવન શૈલી સંદર્ભે વિશ્લેષણ

૧.૩ ભારતની કુદરતી સંપત્તિ – પ્રશ્નો અને ઉપાયો

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
|---|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 15 | |

प्रश्न : 2 નીચેનાં બે વિકલ્પોમાંથી કોઈ પણ એક પંક્તિનો આશરે ૧૦૦ શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (૧૦ ગુણ)

૨.૧ તમે પાંખો કાપીને આભ અકબંધ રાખ્યું ને એનું તે નામ તમે સંબંધ રાખ્યું...
– પન્ના નાયક

૨.૨ સ્વપ્ન ક્યાં મોટા ગજાનું જોઈએ? જીવવા માટે બહાનું જોઈએ.
એક જણ સાચું રડે તો બ્હૌ થયું, મૌન ક્યાં આખી સભાનું જોઈએ? – ચિનુ મોદી

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
|---|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

प्रश्न : 3 નીચે આપેલ ગદ્યખંડનો (૩૧૭ શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૧૦ ગુણ)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
|---|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

*

પોતાના વિશે તે ભાગ્યે જ કશું બોલતા. પોતે શું છે એની ખબર તેમણે પોતાના સુધી જ સીમિત રાખી હતી. એક દિવસ તેમના ઘરે હું બેઠો હતો. અંગ્રેજી મીડિયમમાં ભણતો તેમનો દોહિત્ર ઉત્પલ તેમની સાથે વાતો કરતો હતો. આગલા દિવસે જ્યોતીન્દ્રભાઈએ એક જાહેરસભામાં પ્રવચન કરેલું એનો પ્રતિભાવ આપતો નાનો દોહિત્ર તેમને પૂછતો હતો : 'તમે બોલતા હતા ત્યારે બધા હસાહસ કેમ કરતા'તા? તમે કશુંક 'ફની' બોલતા'તા?' આ પ્રશ્નના જવાબમાં જ્યોતીન્દ્ર બાળક સામે જોઈ મરક મરક હસતા હતા... પોતાની અંગત વાતો તેમણે ખાસ જાહેર કરી નથી. તેમના વિશેની સ્થૂળ વિગતો બહુ ઓછી ઉપલબ્ધ છે, તે જણાવવાનો ઉત્સાહ તેમણે ક્યારેય નથી બતાવ્યો. જ્યોતીન્દ્રભાઈ વિશેની અતિઅલ્પ માહિતી આપણી પાસે છે. જો કે તેમના અવસાનના ચારેક દિવસ અગાઉ તારક મહેતા તેમની પાસે ગયા હતા ને પોતાની 'ઑબિચ્યુઅરી' લખવા જણાવ્યું હતું. જેનાં થોડાંક પાનાં તેમણે આ રીતે લખ્યાં હતાં.

'એ ગૃહસ્થે ચોરી કરી નથી, ધાડ પાડી નથી, લૂંટ ચલાવી નથી. (એ માટે જોઈતી હિંમત અને ચતુરાઈ એનામાં હોય તો ને?) એણે કોઈના પૈસા ખાધા નથી. (આમ તો ઓછું જ ખાય છે) પૈસા ખવડાવ્યા છે ખરા, અને એમ કરીને ભૂખ્યાજનોનો જઠરાગ્નિ શાંત કર્યો છે. લાભ ન થાય તો એ જૂઠું બોલતો નથી.' 'પણ એની સિધ્ધિઓ નકારાત્મક જ નથી, હકારાત્મક જ છે. એને ગળિયારા પારિતોષિકો ઉપરાંત બબ્બે સુવર્ણચંદ્રકો મળ્યા છે, જે હજી એણે વેચવા કાઢ્યા નથી. સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ચુંટાઈ આવ્યા હતા. વકતૃત્વકળા ઉપર એ સારો કાબૂ ધરાવે છે. નિષ્ઠાપૂર્વક નોકરી કરી અત્યારે નિવૃત્ત જીવન ગાળે છે અને સૌથી વિશેષ તો જન્મથી જ નબળી તબિયત છતાં લગભગ આઠ આઠ દાયકા સુધી ટકી રહ્યો છે. કાળ ભારે ઝડપી દડાફેંક છે પણ હજી લગી 'નોટ આઉટ' રહેલા એમને ઘરખમ બેટધર કોણ નહીં કહે!' જો કે આગળ પણ ઘણું બધું લખવા તે ઇચ્છતા હતા, પણ તેમના પરિવારના સભ્યોને એ ઉચિત નહીં જણાતાં આ વાત ત્યાં જ અટકી પડેલી. બાકી એમણે 'ઑબિચ્યુઅરી'માં ચોક્કસ લખ્યું હોત કે 'એ જન્મેલોય હૉસ્પિટલમાં ને અવસાન પણ હૉસ્પિટલમાં જ પામ્યો. અલબત્ત બંને હૉસ્પિટલો જુદી જુદી હતી – ને બંને હૉસ્પિટલોની વચ્ચે એણે જીવી નાંખ્યું...'

'હાસ્યનો પર્યાય – જ્યોતીન્દ્ર દવે'
વિનોદ ભટ્ટના લેખમાંથી

http://www.readgujarati.com/2013/11/19/hasya-paryaay/
(સૌજન્ય – 'શબ્દસૃષ્ટિ')

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
|---|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

પ્રશ્ન : 4 નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો.
(૨ ગુણ × ૫ પ્રશ્નો) (૧૦ ગુણ)
*

જગવિખ્યાત સાહિત્યકાર સલમાન રશદી એક વાર આપણા સુરેશ જોષીને મળેલા. સુરેશ જોષીની વિશ્વ-સાહિત્યના ઊંડા અભ્યાસી અને કલામર્મજ્ઞ તરીકેની શાખ રશદી લગી પહોંચી હશે. એમણે સુરેશભાઇને પ્રેમ અને નિસબતથી એવા મતલબનું પૂછેલું કે તમે આટલું સરસ જાણો-સમજો છો તો અંગ્રેજીમાં કે હિન્દીમાં કેમ નથી લખતા, ગુજરાતીમાં જ કેમ. ત્યારે સુરેશભાઇએ કહેલું કે મારી માતૃભાષા ગુજરાતી આજે મરી રહી છે, એને બચાવવી છે, માટે હું એમાં લખું છું. રશદીની એ મુલાકાતને ૩૦થી પણ વધુ વર્ષો થઇ ગયાં છે. આજે હવામાં પાછો આ પ્રશ્ન ઊછળ્યો છે. આપણા અનેક વિદ્વાનો કહી રહ્યા છે, ગુજરાતી ભાષા મરી રહી છે.

ભાષાની ઘોર ખોદવામાં કોણ કોણ જવાબદાર છે ? શરૂઆત ઘરથી થાય છે : નવી પેઢીનાં મા-બાપો; તેમનાં સન્તાનો. શાળા-કૉલેજોના બેજવાબદાર શિક્ષકો. ઉતાવળિયા લેખકો, રેડિયો-ટીવીના સમાચારવાચકો, રીયાલિટી-શોનાં સૂત્રધારો. ભાષાને વિશે અભાન રાજકારણીઓ પણ આમાંથી બાકાત નથી.

આ સૌ લોકો શિક્ષિતો છે છતાં શુદ્ધ ગુજરાતી નથી બોલતાં. મોટા ભાગનાંઓ અનેક અંગ્રેજી શબ્દો વાપરે છે, કારણ નથી હોતું છતાં વાપરે છે, વટ પાડવાને વાપરે છે. એક અતિ આધુનિક બહેનને મેં આવું બોલતાં સાંભળેલાં : “ડાર્લિન્ગ ! ડાઇનિન્ગ ટેબલ પર કીટલીમાં ચાનું લિકર તૈયાર છે; પૉટમાંથી જોઇતી શ્યુગર નાખી તારી બ્લૅક-ટીના સિપ લેતો રહે --મીન વ્હાઇલ, હું શાવર લઇ લઉં, હાં; ઓકે ?” આમાં ૧૩ શબ્દો અંગ્રેજી છે ! રેડિયો-જોકીઓ કે ટીવી-શોના નિર્ણાયકો ઊછળી ઊછળીને, બધો વખત ‘ફૅન્ટાસ્ટિક’, ‘વન્ડરફુલ’, ‘અમેઝિન્ગ’, ‘લવ્લિ’, ‘માઇન્ડ બ્લોઇન્ગ’, કે ‘ઓ માય ગૉડ’ બોલ્યે રાખે છે ! ‘અદ્ભુત’, ‘અતિ-સુન્દર’, ‘મનોહારી’, ‘ચિત્તચોર’, કે ‘ચિત્તાકર્ષક’ નથી બોલતાં; ‘ઓ મારા રામ’ નથી બોલતાં !

અનેક શિક્ષિતો ખોટા ઉચ્ચારો કરે છે : ‘સુરેસ જોસી’ ! ‘સુરેશ જોષી’માં ત્રણ જે જુદા જુદા ‘સ’ છે, તેની ઍસીતૅસી ! એમ કે, ‘એમાં ઉં બગડી ગ્યું’ --વાળું બેપરવા માનસ ! ઉચ્ચારો અશુદ્ધ એટલે, લખે ત્યારે જોડણી પણ અશુદ્ધ કરે. આ વિષચક્ર છે : ખોટું બોલાયેલું લખાય, ત્યારે પણ ખોટું જ લખાય. અને લખાયેલું ખોટું હોય, એટલે એને જોઇને બોલાતું પણ ખોટું જ બોલાય !

કેટલાક અપપ્રયોગો તરફ ધ્યાન જ નથી અપાતું : અમેરિકા-નિવાસ દરમ્યાન મેં વારંવાર ‘ભારત નાટ્યમ’ સાંભળ્યું છે ! હું જો કહું કે બહેનશ્રી, એ ‘ભરત નાટ્યમ’ છે, તો એ મને એવી રીતે જોઇ રહે --હું જાણે બૉઘો હોઉં ! તરત ઉમેરે, અંગ્રેજીમાં જ ઉમેરે : ડોન્ચ્યુ નો ઇટિસ ફ્રૉમ ઇન્ડિયા --? હું કહું નહીં પણ મનમાં બબડું કે હા, આપણે બન્ને પણ ઇન્ડિયામાંથી જ છીએ !

સૌથી ભયાનક ખોટું એ છે કે શિક્ષિતો મા-નાં જણ્યાં માટેના તેમજ સ્વજનો માટેના શબ્દો પણ અંગ્રેજીના વાપરે છે : ‘મા’ ‘બાપુ’ ‘બહેન’ ‘વહુ’ કે ‘વર’ નહીં પણ ‘મધર’ ‘ફાધર’ ‘સિસ્ટર’ ‘વાઇફ’ ‘હસ્બન્ડ’ ! કેટલાય પ્રયોગો : ‘પપ્પા, યૉર સિસ્ટર્સ ફ્રોન’. ‘હાવાર્યુ સિસ ?’. ‘બ્રો, વ્હૉટ્સ’પ ?’. ‘સન, યુ લૂક પ્રીટિ’. ‘રમા, માય નીસ થાય.’ ‘રાકેશ મારો નેવ્યુ છે.’ ‘ફોઇ’ ‘ફુવા’ ‘સાળાવેલી’ કે ‘સાઢુ’--ને કોઇ જાણતું નથી. ‘નણંદ’, ‘ભોજાઇ’, ‘જેઠ’, ‘દીયર’-ને કોઇ પ્રયોજતું નથી. ભારતીય કુટુમ્બ-વ્યવસ્થામાં સમ્બન્ધોની આ જે રમણીય જાળ છે, એવી દુનિયાભરમાં ક્યાંય નથી, પણ આપણે એને આરામથી વીસરી ગયા છીએ.

‘પાણી’-ના ‘જળ’, ‘નીર’, ‘વારિ’ એમ પર્યાયવાચી કે પારિભાષિક ‘એચટુઓ’ શબ્દો જે છે --તેમાંથી યોગ્યની પ્રસંગોચિત પસંદગી કરવી કે કોઇવાર જરાક સાહિત્યિક બોલવું વગેરે વાણીવિવેકની વાતો તો બહુ દૂરની છે. પણ ગુજરાતી ભેગું અંગ્રેજી ભચડનારાંનું એકેયમાં શબ્દભંડોળ સમૃદ્ધ નથી હોતું, સીમિત અને અછતગ્રસ્ત હોય છે.

બૅન્ક-બૅલેન્સ વધે એનું બરાબરનું ધ્યાન રાખનારાં પોતાનું શબ્દભંડોળ વધે એનું ધ્યાન નથી રાખતાં. વ્યક્તિઓ એ બાબતે દરિદ્ર દીસે છે --પેલું શું કહેવાય ? --કયો શબ્દ ? --એમ એમને ફાંફાં પડે છે.

જોકે ગુજરાતના ૬ કરોડ અને ૨૭ લાખ લોકો --તમામે તમામ-- આવું બેઢંગ ગુજરાતી નથી બોલતાં. એ તો છે, શહેરી શિક્ષિતો અને કસબાઓમાં વસતા 'પ્રગતિ'વાંછુઓ. ગ્રામવાસીઓ પોતાની ગતમાં, પોતાની ગુજરાતીમાં, મજાથી જીવે છે. એટલે, આશ્વાસન છે ખરું કે વાત એટલી બધી નથી વણસી ગઇ. છતાં, સુધાર-તરફી મનોવલણ તો કેળવવું જ પડે. સાહિત્યકારો સુરેશ જોષીના જેવી આપસમજથી, દાઝ અને ખેવનાથી લખે તો કેવું સારું. ભણેલો-ગણેલો ગુજરાતી નક્કી કરે કે --હું કારણ વગર અંગ્રેજી શબ્દો નહીં વાપરું; ઉચ્ચારો સાચા કરીશ; જોડણી ખરી લખીશ. અપપ્રયોગોથી સાવચેત રહીશ.ખાસ તો, પ્રસંગોચિત બોલવાની ટેવ પાડીશ. એટલે કે, મુદ્દો શું છે, કેવા શબ્દોમાં રજૂ કરીશ તો સામી વ્યક્તિના મગજમાં ઊતરશે, વગેરેનું ધ્યાન રાખીશ. જીવન-પ્રસંગની ભાષિક જરૂરિયાતને સાચવી જાણનારા વધે તેમતેમ ભાષા-મરણની વાત થોડીક તો હળવી જરૂર થાય.

ભાષાનું ભવિષ્ય – સુમન શાહ

ફેસબુક પેજ – સુમન શાહ

(સૌજન્ય - "નવગુજરાતસમય")

*

૪.૧ સુરેશ જોષીની ભાષાપ્રીતિ વર્ણવો.

૪.૨ ભાષાની સામે કેવા પડકારો વર્તમાનમાં જણાય છે?

૪.૩ ગુજરાતી ભાષાના પ્રયોગમાં કેવા પ્રકારની ભૂલો કરવામાં આવે છે?

૪.૪ ભાષાની જાળવણી માટે લેખકે કયાં સૂચનો કર્યાં છે?

૪.૫ ગુજરાતી ભાષા વિશે લેખકની નિસ્બત કેવી જણાય છે?

પ્રશ્ન : 5 (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

મૂક-બધિરને શૈક્ષણિક તાલીમ આપતી સંસ્થા 'અ બ ક'ના વિદ્યાર્થી બેંકની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. સંસ્થાએ આ સિધ્ધિ મેળવવા માટે કયા પ્રકારની તાલીમ આપી હતી એ અંગે પ્રચાર માધ્યમોને જાણકારી આપતું સંસ્થાના પ્રમુખનું નિવેદન લખો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

પ્રશ્ન : 6 (આશરે ૧૦૦ શબ્દો) (૦૫ ગુણ)

ભારત દેશ ઉત્સવોની આગવી પરંપરા ધરાવે છે. વર્ષ ૨૦૧૯ના ઉત્સવો, પર્યાવરણને સાચવીને ઉજવવા માટે માર્ગદર્શન આપતો પત્ર 'ક ખ ગ' છાત્રાલયના વિદ્યાર્થીઓને સંબોધીને ગૃહપતિ લખવા માંગે છે. આ પત્રનું લખાણ તૈયાર કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 05 |
|---|---|
| | |

પ્રશ્ન : 7 (આશરે ૨૦૦ શબ્દો) (૧૦ ગુણ)

વર્તમાનપત્રોમાં પ્રગટ થતા હિંસાના સમાચારોની સમાજ પર થતી નકારાત્મક અસર અંગે સાવચેત કરતું એક ચર્ચાપત્ર 'ત થ દ' નાગરિક મંડળ 'પ ફ બ' સ્થાનિક વર્તમાનપત્રના તંત્રીને સંબોધીને લખવા ઇચ્છે છે. આ ચર્ચાપત્ર તૈયાર કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

પ્રશ્ન : 8 (આશરે ૨૦૦ શબ્દો) (૧૦ ગુણ)

ઉનાળુ વેકેશનમાં તમે પરિવારના સભ્યો સાથે લીધેલી ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર - 'ઇસરો'ની મુલાકાત વિશે અહેવાલ લખો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

પ્રશ્ન : 9 આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો. (૧૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

What surprised me most, not that she gave the rice, but what surprised me most, that in her suffering, in her hunger, she knew that somebody else was hungry, and she had the courage to share, share the love. And this is what I mean, I want you to love the poor, and never turn your back to the poor, for in turning your back to the poor, you are turning it to Christ. For he had made himself the hungry one, the naked one, the homeless one, so that you and I have an opportunity to love him, because where is God? How can we love God? It is not enough to say to my God I love you, but my God, I love you here. I can enjoy this, but I give up. I could eat that sugar, but I give that sugar. If I stay here the whole day and the whole night, you would be surprised of the beautiful things that people do, to share the joy of giving. And so, my prayer for you is that truth will bring prayer in our homes, and from the foot of prayer will be that we believe that in the poor it is Christ. And we will really believe, we will begin to love. And we will love naturally, we will try to do something. First in our own home, next door neighbour in the country we live, in the whole world. And let us all join in that one prayer, God give us courage to protect the unborn child, for the child is the greatest gift of God to a family, to a nation and to the whole world. God bless you!

*

Excerpt from Transcript of Mother Teresa's Acceptance Speech of The Nobel Prize
https://www.nobelprize.org/prizes/peace/1979/teresa/26200-mother-teresa-acceptance-speech-1979/

પ્રશ્ન :10 સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (૧×૧૦=૧૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૧૦.૧ : રૂઢિપ્રયોગનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો.
૧૦.૧.૧ ગોળના પાણીએ નહાવું
૧૦.૨ : કહેવતનો અર્થ સમજાવો.
૧૦.૨.૧ ગુરૂ ગરમાં રહી ગયાને ચેલા ચમકી ગયા
૧૦.3 : સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.
૧૦.3.૧ કાજળકાળી
૧૦.૪ : પંક્તિનો છંદ ઓળખાવો.
૧૦.૪.૧ મુખ મરકતું માનું જેના સ્વરે ઘર ગુંજતું
૧૦.૫ : અલંકાર ઓળખાવો.
૧૦.૫.૧ કાયાની માયામાંથી છૂટવા ગોવિંદરાયની માયા કરો.
૧૦.૬ : શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
૧૦.૬.૧ અશુભ સમાચારનો પત્ર
૧૦.૭ : શબ્દની જોડણી સુધારો.
૧૦.૭.૧ શૈવલીની
૧૦.૮ : વાક્યમાં જોડણીની ભૂલો સુધારો.
૧૦.૮.૧ સબ્દો દ્વારા ચોક્કસ ગોઢવણી બાદ એક વીચારને પુરણ રીતે પ્રગડ કરે તેને વાકય કહી સકાય.
૧૦.૯ : શબ્દની સંધિ જોડો અને છોડો.
૧૦.૯.૧ સંધિ છોડો | ધનુષ્ટંકાર
૧૦.૯.૨ સંધિ જોડો | નિસ્ + શબ્દ
૧૦.૧૦ : વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો.
૧૦.૧૦.૧ આશ્ચર્ય વાક્ય બનાવો | આ દાડમ મીઠું છે.